**વડીલોને વંદન**
**અભિનંદન**



લતાબેન કનુભાઈ ચોકસી
(૧૯૩૫) ફોન: ૨૩૨૨૦૧૬૦

# રાધનપુરમાં રૂપિયા ૧૮ લાખના સોના-ચાંદીના દાગીનાની લૂંટ

## ત્રણ શખ્સો સોનીની આંખમાં મરચું નાંખીને થેલા ઝૂંટવી બાઈક પર ફરાર

ડીસા, તા. ૫

પાટણ જિલ્લાના રાધનપુરમાં જવેલર્સની આંખમાં મરચું નાખી તેનીપાસેથી આશરે રૂપિયા ૧૮ લાખના સોના-ચાંદીના દાગીનાતેમજ રોકડ રકમ ભરેલો થેલો આંચકી લઈ ત્રણ અજાણ્યા શખ્સો બાઈક પર ફરાર થઈ જતાં ચકચાર મચી જવા પામી છે. સોની વેપારી રાત્રીના સમયે દુકાન બંધ કરી પોતાના ઘર તરફ જઈ રહ્યો હતો ત્યારે આ સનસનાટીભરી લૂંટની ઘટના બની હતી.

આ ઘટનાની પ્રાપ્ત વિગતો મુજબ રાધનપુર શહેરના મંદાઈ ચોકમાં સોના-ચાંદીની દુકાન ધરાવતા અને નજીકના પાંજરાપોળ વિસ્તારમાં રહેતા જવેલર્સ કેતનભાઈ ચંદ્રકાન્તભાઈ સોની રાત્રીના આઠ વાગ્યાના સુમારે દુકાનમાં રાખેલા સોના ચાંદીના દાગીનાતેમજ રોકડ રકમ ભરેલી બેગ લઈ દુકાન બંધ કરી પાંજરાપોળ વિસ્તારમાં આવેલા પોતાના ઘર તરફ જઈ રહ્યા હતા. તે સમયે બાઈક પર આવેલા ત્રણ અજાણ્યા શખ્સોએ તેમને ધક્કો મારી નીચે પાડી દઈ તેમની આંખમાં મરચાંની ભૂકી નાખી હતી. અને આ સોની વેપારી પાસેથી થેલો આંચકી લઈ પલકવારમાં બાઈક ઉપર ફરાર થઈ ગયા હતા. આ ઘટના બનતાં લૂંટાયેલા સોની વેપારીએ બુમાબુમ કરતા આસપાસથી લોકો એકઠા થઈ ગયા હતા.આંખમાં મરચુ પડવાથી તકલીફમાં મુકાયેલા કેતનભાઈ સોનેને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવાયા હતા અને એકઠા થયેલા લોકોએ થેલો આંચકી ફરાર થઈ ગયા હતા.

આ જ્વેલર્સના થેલામાં રૂપિયા ૧૭.૩૪ લાખની કિંમતના આશરે ૬૦૦ ગ્રામ સોનાના દાગીના તેમજ રૂપિયા ૨૫ની રોકડ રકમ મળી કુલ રૂપિયા ૧૭.૫૯ લાખની મત્તા હતી. આ લૂંટની ઘટના સંદભે રાધનપુર પોલીસમાં ફરીયાદ થતાં પોલીસતંત્ર દ્વારા પાટણ, મહેસાણા તેમજ બનાસકાંઠા જિલ્લાના માર્ગો ઉપર નાકાબંધી કરી મોટર માર્ગે તેમજ રેલવે માર્ગ ઉપર તપાસનો દોર આરંભ કર્યો હતો.આ ઘટનાના વિરોધમાં મંગળવારના દિવસે રાધનપુરના સોની બજારમાં દુકાનો બંધ રાખી પોતાનો આક્રોશ વ્યક્ત કર્યો હતો. પાટણ જિલ્લામાં બાઈક પર આવી લૂંટ ચલાવવાના કિસ્સા ભયજનક રીતે વધી રહ્યા હોવાથી લોકોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. જયારે પોલીસ તંત્રની નિષ્ક્રિયતાથી લોકોનો રોષ ભભુકી ઉઠયો છે.

## બોપલમાં લૂંટારું ટોળકીએ પરિવારને બાનમાં લઈ લૂંટ ચલાવી

અમદાવાદ, તા. ૫

શહેરના છેવાડે આવેલા બોપલમાં મોડી રાત્રે ત્રાટકેલા છ થી સાત લૂંટારૂઓએ એક બંગલાને નિશાન બનાવી બંગલામાં રહેલા લોકોને બાનમાં લઈ હિરા, સોનાના ઘરેણા, ચાંદીના સિક્કા તેમજ રોકડ રૂપિયા સહિત કુલ ૫.૧૫ લાખ રૂપિયાના મુદ્દામાલની લૂંટ કરી નાસી છૂટ્યા હતા. ઘટનાની જાણ થતાં બોપલ પોલીસ ડોગ સ્વકવોડ, તથા એફએએસએલની ટીમ સાથે દોડી આવી હતી. બોપલ પોલીસે આ અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ઘટનાની મળતી માહિતી મુજબ બોપલ ખાતે આવેલા નંદનબાગ બંગલોઝના બંગલા નં. ૫૨માં ભારતીબેન નયનભાઈ પરીખ પોતાના પરિવાર સાથે રહે ચે. આજે મોડી રાત્રે ૩.૩૦ વાગ્યાના અરસામાં પરિવારના સભ્યો ઘરમાં ઊંઘી રહ્યા હતા ત્યારે છ થી સાત જેટલા અજાણ્યા ઈસમો ભારતીબેનના ઘરનું મુખ્ય પ્રવેશ દ્વાર તોડી ધસી આવ્યા હતા. એકાએક થયેલા હુમલાથી પરિવારના સભ્યો ગભરાઈ ગયા હતા.




# રાત્રિના સ્વપ્રા પણ બોર્ડ પરીક્ષાને લગતા આવે છે!!

ગાંધીનગર, તા.૫

ધો-૧૦ અને ધો-૧૨ની બોર્ડ પરીક્ષાનું કાઉન્ટ ડાઉન શરૂ થઈ ગયું છે. બ્રાઈટ કરિયરને અનુલક્ષી મહત્વની મનાતી બોર્ડ પરીક્ષામાં અપિયર થતા પૂર્વે ઘણા ખરા વિદ્યાર્થીઓ સ્ટ્રેસમાં ગરકાવ થઈ જાય છે. પરીક્ષાર્થીઓને હળવા ફૂલ રાખવા જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા શિક્ષકોની હેલ્પલાઈન ઉપરાંત નિઃશુલ્ક મનોચિકીત્સકની સારવાર પુરી પાડવાની ઉમદા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આવા સંજોગોમાં બોર્ડના કેટલાક પરીક્ષાર્થીઓ તરફથી વાંચેલું યાદ રહેતું ન હોવાની સાથે પરીક્ષાનો ડર તેમજ રાત્રે સ્વપ્રા પણ પરીક્ષાના આવતા હોવાની ફરિયાદો બયાન કરવામાં આવી હોવાનું ધ્યાને આવ્યું છે.

ધો-૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાને લઈને વિદ્યાર્થીઓ અને વાલીઓ તણાવ, ભય હતાશાનો ભોગ બનતા હોવાનું ધ્યાને આવે છે. જયારે પરીક્ષાના આગળના દિવસોમાં વિદ્યાર્થીઓ અજબ પ્રકારની બેચેની અનુભવતા હોવાની પણ ફરિયાદો ઉઠવા પામે છે. આ સઘળી સ્થિતિ પાછળ ટેન્શન અને તણાવ જવાબદાર હોવાથી પરીક્ષાર્થીઓએ તેમજ તેમના વાલીઓએ વિશેષ તકેદારી રાખી માનસિક રીતે હળવા ફુલ રહેવા મનોચિકીત્સકની સલાહ લેવા જણાવાયું છે. યોગ્ય ટાઈમ-ટેબલ થકી આયોજનબદ્ધ રીવીઝન વર્ક ઉપરાંત તણાવમુકત રહેવાથી પરીક્ષા રીલેકસ મુડમાં પુરી થઈ જાય છે. પરીક્ષાર્થીઓ માટે શરૂ કરાયેલી મનોચિકીત્સકની હેલ્પલાઈનના માધ્યમથી વિદ્યાર્થીઓમાં ઉઠતી ફરિયાદોનો ખ્યાલ આવ્યો છે. જેમાં વિદ્યાર્થીઓ ડર, ભય, ટેન્શનના ભોગ બનવાની સાથે તેમની રાત્રિની ઉંઘમાં પણ ખલેલ પહોંચે છે. વધારે પડતા સ્ટ્રેસના લીધે સ્વપ્ના પણ પરીક્ષાના આવતા હોવાની ફરિયાદો ધ્યાને આવી છે.

### બોર્ડની પરીક્ષા પૂર્વે વિદ્યાર્થીઓની ફરિયાદ

- વાંચેલું ભૂલી જવાય છે.
- ટેન્શન થાય છે.
- યાદ રહેતું નથી.
- વાંચવાનું ગમતું નથી.
- પરીક્ષાને લઈ ડર લાગે છે.
- પેપર અંગે ચિંતા થાય છે.
- ધાર્યા પ્રમાણે માર્કસ આવશે કે નહીં ચિંતા થાય છે.
- ઉંઘ આવતી નથી ગભરામણ થાય છે.
- ભૂખ લાગતી નથી, ગુસ્સો આવે છે.
- માથાનો દુખાવો અને પેટમાં ગરબડ.
- રાત્રે પરીક્ષાને લગતા સ્વપ્રા આવે છે.

પાલનપુર એન.પી. પટેલ મહિલા આર્ટસ કોલેજના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓનો આજે વિદાય સમારંભ યોજાયો હતો. જે સંસ્થાના અગ્રણી પરથીભાઈ ભટોળ (પ્રમુખ-આંજણા કેળવણી મંડળ)ના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. જેમાં પ્રિન્સીપાલ ડો. આરતીબેને વિદ્યાર્થીઓને અભ્યાસમાં અને જીવનમાં ઉપયોગી બાબતોનું માર્ગદર્શન આપ્યું હતું.
(તસવીર : હરેશ જી. જોષી)



# મેટ્રોરેલ પ્રોજેક્ટના ચેરમેન સરકારી લેણાના ડિફોલ્ટર

## પૂર્વ આઈએએસ અધિકારી સંજયગુપ્તા સામે કેન્દ્ર દ્વારા ૩૨ કરોડના લેણા માટે ડિફોલ્ટર જાહેર કરવા નોટિસ

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર-અમદાવાદ લીંક એક્સપ્રેસ ૧૫૦૦૦ કરોડના મેટ્રોરેલ પ્રોજેક્ટમાં ડાયરેકટર અને એક્ઝીક્યુટીવ ચેરમેન સંજય ગુપ્તા સામે ભારત સરકારની નાણાકીય સંસ્થા આઈએફસીઆઈ દ્વારા બત્રીસ કરોડના લેણાં માટે ડિફોલ્ટર જાહેર કરવાની જાહેર નોટિસ પ્રસિદ્ધ થઈ છે. ત્યારે ગુજરાતની ભાજપ સરકારે વિવાદાસ્પદ પૂર્વ આઈએએસ અધિકારીની નિમણુંકમાં કેમ વિશેષ રસ દેખાડ્યો તેની તપાસની માંગ કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રવકતા ડો.મનિષ દોશીએ જણાવ્યું હતું કે, પૂર્વ આઈએએસ અધિકારી સંજય ગુપ્તા રાજ્ય સરકારમાં અગાઉ જુદા-જુદા નિગમોમાં સરકારની તિજોરીને લાભ કરવાને બદલે ખાનગી કંપનીઓ માટે વિશેષ સક્રિયતા દાખવી હતી. સંજય ગુપ્તા દ્વારા ભૂતકાળમાં પેટ્રોનેટ, પાવર પ્લાન્ટ, જેવા અનેક પ્રોજેક્ટોની જવાબદારીમાં ખાનગી કંપનીઓને ફાયદો કરાવ્યો હતો. ગુજરાતની ભાજપ સરકાર મેટ્રોરેલ પ્રોજેક્ટ માટે મોટા પાયે જાહેરાતો શરૂ કરી દીધી છે. ત્યારે વિવાદાસ્પદ વ્યક્તિ મેટ્રોરેલ પ્રોજેક્ટના એક્ઝીક્યુટીવ ચેરમેન તરીકે મુખ્ય જવાબદારીમાં હોય તે ઘણી જ ગંભીર બાબત છે.

કેન્દ્ર સરકાર દ્વારા જેએનએનયુઆરએમ હેઠળ કુલ ૩૮ પ્રોજેક્ટ ૧,૪૭,૩૨૮.૩૧ લાખ જેટલી માતબર રકમ ફાળવવામાં આવી છે ત્યારે ગુજરાતના શહેરી વિસ્તારના નાગરિકોને વધુ સારી સુવિધા મળે પ્રોજેક્ટોનો પારદર્શક રીતે અસરકારક અમલ થાય તે જોવાની જવાબદારી ભાજપ સરકારની છે. ત્યારે વિવાદાસ્પદ-ડિફોલ્ટરનો રૂા.૧૫૦૦૦ કરોડના પ્રોજેક્ટની જવાબદારી સોંપવા પાછળ ભાજપ સરકારનું શું ગણિત છે? અનેક નિષ્ણાંતો ઉપલબ્ધ હોય ત્યારે વિવાદાસ્પદ ભૂતકાળ ધરાવતા પૂર્વ અધિકારી ભાજપ સરકારના આંધળા પ્રેમ પાછળનું કારણ શું? મિશન-કમિશન વિશે રાષ્ટ્રીય કારોબારીમાં પ્રવચન કરીને તાળીઓ મેળવનાર મુખ્યમંત્રીના જવાબની ગુજરાતના છ નાગરિકો રાહ જુએ છે. રૂા.૧૫૦૦૦ કરોડના મેટ્રોરેલ પ્રોજેક્ટમાં ગુજરાત સરકારે સોંપેલ જવાબદારી સંભાળતા વિવાદાસ્પદ-ડીફોલ્ટર વ્યક્તિને તાકીદે મેટ્રોરેલ પ્રોજેક્ટમાંથી દુર કરવા માંગ કરવામાં આવે છે.

# વેપારીનું અપહરણ કરી ખંડણી માંગનારા શખ્સોની ધરપકડ


અમદાવાદ, તા. ૫

અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચે આજે નરોડાનાં અપહૃત થયેલા વેપારી પાસે ખંડણી માંગનાર આરોપીઓની ધરપકડ કરી હતી. તા. ૨૮મી ફેબ્રુઆરીના રોજ અમદાવાદના નરોડામાંથી અપહરણ કરી ખંડણી માંગનાર આરોપીઓ જે નાસી છૂટ્યા હતા. તે આજે ક્રાઈમ બ્રાન્ચના હાથે ઝડપાઈ ગયા હતા. પકડાયેલા આરોપીઓ તાજીયા ગેંગના સાગરીત હોવાનું પોલીસ સૂત્રોમાંથી જાણવા મળ્યું હતું. ક્રાઈમ બ્રાન્ચે હાલ આરોપીઓએ વધુ કયા ગુનાઓ કર્યા છે તે જાણવા તજવીજ હાથ ધરી છે.

કેસની વિગત એવી છે કે અમદાવાદના નરોડા વિસ્તારમાં રહેતા તેમજ સેટેલાઈટ વિસ્તારમાં ઝાંઝર જવેલર્સ નામની જવેલર્સની દુકાન ધરાવતાં ભરતભાઈને તા. ૨૭મી ફેબ્રુઆરીના રોજ સંજય સોની નામના ઈસમે ફોન કરી કહ્યું હતું કે, જુના ઘરનું ખોદકામ કરતા સોનું નિકળેલ છે અને જોબીજાને ખબર પડે તો સરકારમાં જમા થઈ જાય તેમ છે. જેથી તમારે સસ્તા ભાવે સોનું જોઈતું હોય તો ડીસા આવો તેમ જણાવ્યું હતું. જેથી ભરતભાઈ તા. ૨૮મીના રોજ ડીસા ગયા હતા ત્યાં છ આરોપીઓએ ભરતભાઈનું અપહરણ કરી અને તેમના ઘરે ફોન કરી રૂા. વીસ લાખની ખંડણીની માંગણી કરી હતી.

જે અંગે તેમના પુત્રએ તેના કાકા ધીરજ શાહને જાણ કરી હતી. અને આ અંગે નરોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જેના પગલે નરોડા પોલીસ તેમજ અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચે સંયુક્ત ઓપરેશન હાથ ધરી ડીસાના ધાનેરા પાસેથી ભરતભાઈને છોડાવ્યા હતા. અને આરોપીઓએ પોલીસ પર ફાયરીંગ કરી બંને પાછલા બારણે નાસી છૂટ્યા હતા.

## શબ્દાવલી - ૪૯૯૮



### આડી ચાવી

૧. કપડા તથા તેની પહેરવાની ઢબ (૫)
૪. ભમરો, ભ્રમર (૨)
૫. પ્રથા, પ્રણાલી (૨)
૬. ઈચ્છા (૨)
૭. ઘરેણા (૪)
૯. ચાકર (૪)
૧૦. દાંતિયો, માથુ ઓળાવવા.... જોઈએ (૩)
૧૨. ચક્ષુ, આંખો (૩)
૧૪. કેફી દ્રવ્ય (૩)
૧૫. કરૂણ, હૃદય ચીરી નાખે તેવું (૪)
૧૬. ન્યાતી, જ્ઞાતિ (૨)
૧૮. એરોપ્લેન, હવાઈ જહાજ (૩)
૧૯. એક ચપટી જેટલું (૩)

### ઊભી ચાવી

૧. ફેરફાર (૪)
૨. પ્રેમ, સ્નેહ (૨)
૩. સ્કૂલમાં બાળકોને અવનવા ડ્રેસ પહેરવાની હરિફાઈ રાખે છે (૪)
૪. અરજી (૨)
૬. પારા, મોતી (૩)
૭. આપવું... લેવું તે (૬)
૮. સમર્થન (૨)
૧૧. અરેરાટી (૫)
૧૩. ટકટક (૪)
૧૫. વીમો ઉતારવા માટે ઘણી... કંપનીઓ નવી સ્કીમો કાઢે છે (૨)
૧૭. મોકો (૨)

### શબ્દાવલી ૪૯૯૭ના જવાબ

**આડી ચાવી :-** (૧) સ્વાભિમાન (૩) ઉણપ (૫) ગત (૬) કોમ (૭) તરબોળ (૯) રવેશ (૧૨) અતડુ (૧૩) ઝેરી (૧૪) વણકર (૧૬) ડુક્કર (૧૮) રણ ૨૦) જહાજ (૨૧) તાર

**ઊભી ચાવી :-** (૧) સ્વાગત (૨) ભીંતર (૩) ઉંમર (૪) પરાશ (૮) બોતડુ (૧૦) વેરઝેર (૧૧) ચરણરજ (૧૨) અરડૂસી (૧૫) કણ (૧૭) રજ (૧૯) ડર

### ફાયર ફાઈટીંગ સિસ્ટમ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

વપરાતી સિસ્ટમમાં પ્રેશર ઓછું થઈ જવાની સમસ્યાઓ નડે છે. અત્યારે વપરાતી સિસ્ટમમાં એક મિનિટમાં ૨૮૯ ગેલન પાણીનો મારો થઈ શકે છે જયારે આ વિદ્યાર્થીઓએ ડેવલપ કરેલી સિસ્ટમમાં એક મિનિટમાં ૩૪૭ ગેલન પાણીનો ફલો નીકળી શકે છે. આ વધારો અંદાજે ૧૯ ટકાનો છે. આ સિસ્ટમને ૮૦ પીએસઆઈ-પાસ્કલ સ્કવેર ઈંચ અથવા તો ૫ કિલોના પ્રેશરથી ચલાવવામાં આવે ત્યારે ૩૪૭ ગેલનનો ફલો મળે છે. આપણા ફાયર ફાઈટર અત્યારે ૭ કિલોના પ્રેશરથી ચાલે છે. આ સિસ્ટમને અપગ્રેડ કરીને સાત કિલોના પ્રેશરથી ચલાવવામાં આવે તો પાણીનો ફલો ખાસ્સો ઊંચો જઈ શકે છે. વિદ્યાર્થીઓએ પાણીના ફલો અને ફોર્સમાં વેરાઈટી લાવવા માટે અલગ અલગ પ્રકારના નોઝલ લગાવી શકાય તેવા એડેપ્ટર ડેવલપ કર્યા છે. જેટ અને સ્પ્રે બંને થઈ શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. ફાયરમેન આગની જવાળાની નજીક આવી જાય ત્યારે તેને બચાવવા સ્પ્રે કરવામાં આવે છે જયારે આગ બુઝાવવા માટે જેટનો ઉપયોગ કરાય છે. વળી કોમર્શીયલી તેનું ઉત્પાદન કરાય તો આ સિસ્ટમ ખુબ સસ્તી બની શકે છે.

### પરીક્ષા કેન્દ્રો ખુલ્લા રહેશે

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

વિદ્યાર્થીઓ માટે કન્ટ્રોલરૂમ અને શિક્ષકોની હેલ્પલાઈન પણ શરૂ કરી દેવાઈ છે. ગુરૂવારથી બોર્ડ પરીક્ષા શરૂ થનાર છે ત્યારે પરીક્ષા પૂર્વેના દિવસે પરીક્ષાર્થીઓ પોતાની બેઠક વ્યવસ્થા અંગે માહિતી મેળવી શકે, નંબરો જોઈ શકે તે માટે જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા બુધવારે પરીક્ષા કેન્દ્રો ખુલ્લા રાખવા જણાવાયું છે. જિલ્લા શિક્ષણાધિકારીના જણાવ્યા મુજબ તા. ૬ માર્ચના રોજ બોર્ડના વિદ્યાર્થીઓ પોતાની બેઠક વ્યવસ્થા જાણી શકે તે માટે બપોરે ૨.૩૦ થી ૫.૩૦ કલાક દરમિયાન કેન્દ્રો ખુલ્લા રાખવામાં આવશે.

### કન્ટ્રોલર આવ્યા બાદ.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જાળવણીનું કામ પણ એજન્સીને સોંપવામાં આવ્યું છે. હાલના તબક્કે પ્રાયોગિક ધોરણે શહેરમાં ત્રણ ઠેકાણે ટ્રાફિક સિગ્નલ ઉભા કરી દેવાયા છે. પરંતુ હજુ આ સિગ્નલો શરૂ કરવામાં આવ્યા નથી. સૂત્રોમાંથી પ્રાપ્ત થતી માહિતી અનુસાર સિગ્નલ શરૂ કરવા માટે પૂનાથી કન્ટ્રોલર લાવવામાં આવશે. આગામી સપ્તાહમાં કન્ટ્રોલર આવી ગયા બાદ સિગ્નલમાં રેડ-ગ્રીન લાઈટ ઝબુકતી થશે. જયારે સિગ્નલ શરૂ કરતા પૂર્વે વિભાગના અધિકારીઓની ટ્રાફિક પી.આઈ. સાથે બેઠક યોજવામાં આવશે. ટ્રાફિકની અવર-જવરને ધ્યાને લઈ સિગ્નલ ઓન-ઓફ થાય તે મુજબની કાર્યપદ્ધતિ અને ટાઈમીંગ સેટ કરવામાં આવશે. હાલ ત્રણ સ્થળોમાં પ્રાયોગિક ધોરણે સિગ્નલ લગાવાયા બાદ આગામી તબક્કામાં અન્ય ઠેકાણે સિગ્નલ મુકવા પણ વિચારણા હાથ ધરવામાં આવી છે.

### વોલીબોલ સ્પર્ધા યોજાશે

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

ગ્રાઉન્ડની રચના રાષ્ટ્રીય કક્ષાની વોલીબોલ સ્પર્ધાના ધોરણ અનુસાર અને ગુણવત્તાસભર ગ્રાઉન્ડમાં સુવિધા ઉભી કરવા માટે પણ સૂચના આપી હતી. મહિલા ખેલાડીઓ સહિત તમામ ખેલાડીઓની સુરક્ષા વ્યવસ્થા ઉભી કરવા તેમજ ખાસ કન્ટ્રોલ રૂમ શરૂ કરવા પણ સૂચના આપી હતી. તે ઉપરાંત સ્પર્ધા અંતર્ગત જિલ્લા સોવિનિયર અને પબ્લીસીટી સમિતિ દ્વારા સોવિનિયર તૈયાર કરવામાં આવશે.

વધુમાં આજરોજ મળેલ બેઠકમાં આ સ્પર્ધામાં ભાગ લેવા આવનાર ખેલાડીઓના રહેવા, જમવા, વાહન વ્યવસ્થા જેવી અનેક બાબતો તેમજ રાષ્ટ્રીય રમતના ઉદ્દઘાટન અને સમાપન સમારંભના સુચારું આયોજન માટે વિવિધ ટીમોની રચના કરવામાં આવી હતી. જેમની કામગીરી અંગે વિગતે ચર્ચા પણ કરવામાં આવી હતી.

આ બેઠકમાં ઉપસથિતિ સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતના ચીફ કોચ શ્રી સલીમ સામાએ જણાવ્યું હતું કે, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતની સ્થાપના વર્ષ- ૧૯૯૫માં કરવામાં આવી હતી. ત્યારથી દર વર્ષે રાજય સરકાર દ્વારા રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાનું આયોજન રાજયના વિવિધ જિલ્લાઓમાં કરવામાં આવે છે. જે અંતર્ગત વર્ષ- ૨૦૦૯-૧૦માં ગોધરા ખાતે ટેબલ ટેનિસ, વર્ષ- ૨૦૧૦-૧૧માં અંબાજી ખાતે યોગાસન સ્પર્ધાનું અને વર્ષ- ૨૦૧૧-૧૨માં રાજકોટ ખાતે ટેબલ ટેનિસ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. અખિલ ભારતીય શાળાકીય વોલીબોલ સ્પર્ધાનું આયોજન -થમ વખત થઈ રહયું છે. આ સ્પર્ધાની શરૂઆત અને સમાપન કાર્યક્રમ ભવ્ય રીતે યોજવામાં આવશે.

અખિલ ભારતીય શાળાકીય વોલીબોલ સ્પર્ધા દરમ્યાન વિવિધ રાજય તથા કેન્દ્રશાસિત -દેશમાંથી ૧૭ વર્ષથી નીચેના એક ભાઈઓ અને એક બહેનોની ટીમ અને તેમની સાથે કોચ અન્ય વ્યકિતઓ મળી એક રાજયમાંથી અંદાજે ૩૦ જેટલા લોકો આ સ્પર્ધામાં ભાગ લેવા માટે ગાંધીનગર ખાતે તા. ૨૦મી એ-િલ સુધીમાં આવી જશે. તેમજ દેશમાં માત્ર ગુજરાત રાજય દ્વારા જ વિજેતા ખેલાડીઓને રોકડ પુરસ્કાર એનાયત કરવામાં આવે છે. વિજેતા ખેલાડીઓને -માણપત્રો, ઈનામ તથા મેડલ દ્વારા સન્માનિત કરવામાં આવશે. અખિલ ભારતીય શાળાકીય સ્પર્ધાના આયોજન માટે સ્કુલ ગેઈમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા સુચારું-શ્રેષ્ઠઆયોજન માટે ગુજરાત રાજયને -માણપત્ર આપવામાં આવ્યા છે. જે ગુજરાત માટે ગૌરવની બાબત છે.

આ બેઠકમાં અધિક નિવાસી કલેકટર શ્રી ડૉ.એમ.ડી.મોડિયાએ દરેક ટીમની કામગીરીની વિગતવાર માહિતી આપી હતી. જિલ્લાના સીનિયર કોચ શ્રી એચ.બી.સાવલિયાએ સર્વે અધિકારીશ્રીનું શાબ્દિક સ્વાગત કર્યું હતું.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી બી.જે.ભટ્ટ, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી આઈ.આર.મનસુરી, -ાંત અધિકારી શ્રી -કાશ મકવાણા અને હિમાંશુભાઈ પટેલ સહિત જિલ્લાના અધિકારીશ્રીઓ અને કોચશ્રીઓ ઉપસથિત રહયાં હતાં.

### શુદ્ધિકરણ પ્લાન્ટની ક્ષમતા

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

પણ વધારો કરવો પડે તેમ છે. સમગ્ર પરિસ્થિતિ જોતાં આગામી સમયમાં જો પાણી શુદ્ધિકરણ પ્લાન્ટોની ક્ષમતામાં અને ભૂગર્ભ જળાશયોની ક્ષમતામાં વધારો કરવામાં નહિ આવે ત્યાં સુધી એક સાથે સમગ્ર શહેરમાં પાણી પુરવઠો પુરો પાડવા માટેની વાસ્તવિક પરિસ્થિતિની શક્યતા જણાતી નથી.

**જાહેર નોટીસ**

આથી જાહેર જનતાને જણાવવાનું કે, જત ડીસ્ટ્રીક્ટ સબ ડીસ્ટ્રીક્ટ ગાંધીનગરના મોજે ગામ: વાવોલની સીમના ખાતા નં. ૯૫ ના રેવન્યુ બ્લોક સર્વે નંબર : ૬૪-બ ની ૩૮૩૮ ચો.મી વાણિજ્યના હેતુ માટે બીનખેતીની જમીન **પટેલ પોપટભાઈ વિઠ્ઠલભાઈ** તથા **કુંતલબેન પોપટલાલ** તથા **વિઠ્ઠલભાઈ માધવલાલ પટેલ**નાઓની સંયુક્ત માલીકી, કબજા ભોગવટાની આવેલી છે અને તેઓએ સદરહુ જમીન ઉપર વાણિજ્યના ઉપયોગ માટે ઓફિસ દુકાનોનું બાંધકામ કરવા સારૂ **શાલીન બિલ્ડર્સ** ના પ્રોપરાઈટર **શ્રી વિઠ્ઠલભાઈ માધવલાલ પટેલ**ની તરફેણમાં ગાંધીનગર સબ.રજીસ્ટ્રારશ્રીની કચેરી ખાતે રૂબરૂ હાજર રહી અનુક્રમનં. **૨૮૧૯** થી તા. **૦૪-૦૩-૨૦૧૩**ના રોજ થી ડેવલપમેન્ટ એગ્રીમેન્ટ નોંધાવી આપેલ જેથી શાલીન બિલ્ડર્સ નાઓએ અમો પાસે સદરહુ જમીનના ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. જેથી સદરહુ જમીન કે તેના કોઈ ભાગ પરત્વે કોઈપણ બેંક, સંસ્થા, પેઢી, મંડળી કે કોઈ વ્યકિત કે ઈસમોનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક,હિત, હિસ્સો બોજો દાવો-તકરાર હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન -૭માં અમોને નીચેના સરનામે લેખિતમાં ખરી નકલવાળા પુરાવા સહીત જાણ કરવી જો તેમ કરવામાં કસુર થયેથી મુદત વીતે થી અમો સદરહુ જમીનું ટાઈટલ કલીયર સર્ટીફીકેટ ઈશ્યુ કરીશું અને ત્યારપછી કોઈપણ પ્રકારની તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી જેની સર્વેએ નોંધ લેવી.

તારીખ : ૦૫-૦૩-૨૦૧૩
કીરીટ એ ગુજ્જર (એડવોકેટ)
રહે. રામજી મંદિર પાસે, મુ. કોબા તા.જી. ગાંધીનગર ૩૮૨૦૦૭

**ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ**
પર્યાવરણ ભવન, સેક્ટર-૧૦/અ, ગાંધીનગર-૩૮૨૦૧૦
ટેલી. ૦૭૯-૨૩૨૩૨૧૫૨, ફેક્સ નં. (૦૭૯) ૨૩૨ ૨૨૭૮૪
www.gpcb.gov.in

**પરિશિષ્ટ-૧**
**જાહેર નિવિદા**
**કચેરી સુવિધા વ્યવસ્થાપનની સેવા પુરી પાડવા અંગે**

વન અને પર્યાવરણ વિભાગ હસ્તકની ગાંધીનગર ખાતેની સભ્ય સચિવશ્રી, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની કચેરીમાં વહીવટી કામગીરી સરળતાથી કરવા માટે જરૂરી એવી સર્વ આનુષાંગિક સેવાઓ - સફાઈ કામ અને સ્વચ્છતા જાળવણીથી માંડીને ફાઈલો / ટપાલો પહોંચાડવાની સેવા સહિતની સમગ્ર તથા કામગીરી ‘કચેરી સુવિધા વ્યવસ્થાપન સેવા’ પુરી પાડવા માટે અનુભવી પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલા ટેન્ડરો, સીલબંધ કવરમાં ફક્ત રજી.પો.એ.ડી.થી પૂર્વ લાયકાત અને ભાવપત્રકના ટેન્ડર ફોર્મ તરીકે અલગ અલગ કવરમાં મંગાવવામાં આવે છે.

કોરા ટેન્ડર ફોર્મ (નોન ટ્રાન્સફરેબલ) ચાલુ કામકાજના દિવસોએ સવારના ૧૧.૦૦ થી ૧૫.૦૦ કલાક વચ્ચે તા. ૭/૩/૨૦૧૩ થી તા. ૨૨/૩/૨૦૧૩ સુધીમાં મહેકમ શાખા, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની કચેરી ખાતેથી અરજી સાથે સભ્ય સચિવશ્રી, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, ગાંધીનગરના નામનો રૂ. ૧૦૦૦/-નો ડીમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે (પરત નહીં ચૂકવવાપાત્ર) ટેન્ડર ફીની ચુકવણી કર્યેથી રૂબરૂ મેળવી શકાશે.

કોઈપણ ટેન્ડર કે તમામ ટેન્ડરો કોઈપણ કારણો દર્શાવ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર આ કચેરીને રહેશે અને ટેન્ડર ભરનાર એજન્સીને કચેરીના વખતો વખતના હુકમો બંધનકર્તા રહેશે.

ઈચ્છા ધરાવતી એજન્સીઓ દ્વારા કચેરીની મુલાકાત લઈ કચેરીની જરૂરીયાત મુજબ સ્થાનિક સ્થળ પરિસ્થિતિની જાણ તથા કામનો પ્રકાર વગેરેથી કચેરીની સુમાહિતગાર થઈ શકશે.

આ કામ અંગે પ્રીબીડ મીટીંગ તા. ૨૮/૩/૧૩ના રોજ ૧૨.૦૦ કલાકે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, ગાંધીનગરના સમિતિ ખંડ ખાતે રાખેલ છે.

પૂર્વ લાયકાત અને ભાવપત્રકના અલગ ભરેલા ટેન્ડર ફોર્મ ઉપર્યુક્ત કચેરીને તા. ૬/૪/૧૩ના રોજ ૧૬.૦૦ કલાક સુધીમાં મળી જાય તેમ મોકલવાના રહેશે.

સ્થળ : ગાંધીનગર — સભ્ય સચિવશ્રી
માહિતી/૨૩૬૯/૧૨-૧૩ — ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ